


## સલામી સવારની..

*ગોધ્ધાઓ લડે છે એમાં ન્યાય છૂંદાઈ જાય છે,*
*કેન્દ્ર અને રાજયોનાં કાયદે જુદાઈ થાય છે,*
*મૂંઝાઈ જાય પ્રજા, બૂઝાઈ જાય શ્રદ્ધાદીપ -*
*નિર્ણયોની ઉથલપાથલે લજાઈ જાય છે...*
*(‘સ્ટે’ ની સંતાકૂકડી)*

હાઈકુ

*શરમાવે છે,*
*‘એ’ પદનું તાટસ્થ્ય*
*વામન નેતા...*
*(‘ભાવુક’ ભવાઈ)*

*પોલીસ થાણે -*
*હાથ તાળી દઈને,*
*નાસે સુરક્ષા...*

## ચિંતન

**અંગીકૃત સુકૃતિનઃ પરિપાલયન્તિ ।**

ન્યાયી તથા વિદ્વાન લોકો, પોતે જ કામનો સ્વીકાર કરેલો હોય તેનું બરાબર પાલન કરે છે, ઉત્તરદાયિત્વ નિભાવે છે.

માણસ સામાજિક પ્રાણી છે. એણે સ્થાપેયા સમાજ તરફ એનું ઉત્તરદાયિત્વ રહે છે. કેટલીક ફરજો અને કેટલાંય કર્તવ્ય એને સમાજમાં જન્મ લીધા બાદ બજાવવાનાં હોય છે. પણ કેટલાંક કર્તવ્યો, જન્મ પહેલા પ્રવાહપતિત થયેલા હોવાથી એણે એદા કરવાં પડે છે. એ કર્તવ્યો જન્મજાત હોય છે. એ જવાબદારીમાંથી માણસ છટકી શકતો નથી. સજજ્ન, ધાર્મિક તથા ન્યાય પરાયણ લોકો આવા કામોની અગત્ય અને જવાબદારી સમજતા હોવાથી તેઓ એનું બરાબર પાલન કરે છે. ‘રઘુકુલ રીત સદા ચલી આઈ, પ્રાણ જાય પર વચન ન જાઈ’ ઉક્તિ ખૂબ જાણીતી છે.

## સુવિચાર

- ‘પ્રેમ’ની જેમ ‘નિષ્ઠા’ પણ અઢી અક્ષરનો શબ્દ છે, નિષ્ઠાને ભક્તિનો પર્યાય ગણાવીએ તો કંઈ ખોટું નથી - **અમૃતબિંદુ**
- માત્ર પ્રતિષ્ઠાના મોહથી વધુ કામ કરતા હોવ તો તાત્કાલિક એ છોડી દેજો - **એસ. ભટ્ટાચાર્ય**
- મહત્ત્વાકાંક્ષાને સહેલા નહિં પણ, કઠીન કાર્યો સાથે સંબંધ છે - **કર્મસૂત્ર**
- સિદ્ધાંત કદી જૂના થતાં નથી, સચ્ચાઈ કદી વૃદ્ધ થતી નથી - **બર્નાડ શો**
- દરેક સારી ચીજ કુદરતે પથ્થર જેવી સખત મુઠ્ઠીમાં મૂકેલી છે, એ માત્ર મહેતનથી જ છૂટી થઈ શકે છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- કોઈ પણ સમસ્યાનો ઉપાય હોય જ છે, માત્ર જરૂર છે એના સાચા સ્વરુપ ને સમજવાની - **જીવનસૂત્ર**
- માણસને એક મહોરું પહેરાવી દો, એ તમને બધું જ સત્ય કહી દેશે - **ચંદ્રકાન્ત બક્ષી**
- આજનું ઔષધ : હળદર અને મધ ચાટી ગરમ પાણીનાં કોગળા કરવાથી કાકડામાં રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

શિષ્યોમાં વિવાદ થયો સ્વર્ગનો અધિકાર કોને? સંસાર છોડી ત્યાગી જીવન જીવે તેને કે કઠોર કર્તવ્યનિષ્ઠને કે સામાન્ય મધ્યમવર્ગના પવિત્ર માણસને?

ગુરુજીએ ચિત્રગુપ્તની વાર્તા કરી. યમદૂતો આવ્યા - સાથે ત્રણ આત્મા હતા - તેમણે કયાં મોકલવા એ યમદૂતો નક્કી કરી શકતા ન હતા. યમદૂતે કહ્યું - આ આત્મા માતાપિતા, પત્ની-બાળકો છોડી ગૃહત્યાગ કરી તપ કરવા નીકળી ગયો હતો. તપમાં જ તેનું મૃત્યુ થયું - કયાં મોકલવો ?

ધર્મરાજા કહે - સ્વર્ગમાં તેનું સ્થાન નથી - તેણે પોતાનાં કર્તવ્યનું પાલન કર્યું નથી. બીજો આત્મા - નું વર્તન કહ્યું - આ માણસ રાત-દિવસ ઘરબાર, બિમાર પત્નીને છોડી માત્ર શેઠ-શેઠાણીની જ સેવા કરતો રહ્યો - પત્ની મરી ગી. છતાં ઘેર પણ ન ગયો. ધર્મરાજ કહે - આવા હૃદયહીનનું અહીં કામ નથી.

ત્રીજા આત્મા વિશે કહ્યું, આ મધ્યમવર્ગનો કર્મચારી હતો. ઘર-સમાજ-રાષ્ટ્રની સેવા કરતાં પ્રેમપૂર્વક જીવન જીવતો હતો. નિવૃત્ત થતાં અવસ્થા થયે મૃત્યુ પામ્યો. ધર્મરાજ કહે - આવા પ્રેમી સેવાભાવી, કર્તવ્યનિષ્ઠ માટે જ સ્વર્ગ બનાવવામાં આવ્યું છે.

# ગ્રામોદય અને પંચાયતરાજનો મંત્ર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અગાઉના વડાપ્રધાનોની જુદા કઈ બાબતમાં પડે છે? વિકાસની યોજનાઓ અને લોકસેવાની વાતો તો દરેક સરકાર કરતી રહી છે પરંતુ નરેન્દ્ર મોદી વિકાસ સાથે ‘વિચાર’ પણ મૂકતા રહે છે. ‘મન કી બાત’ કાર્યક્રમ એનું ઝળહળતું ઉદાહરણ છે. હાંસિયે ધકેલાઈ ગયેલો રેડિયો ફરી પાછો કેન્દ્ર સ્થાને આવી ગયો છે. વડાપ્રધાન એમના ફળદ્રુપ ભેજામાં પ્રગટતા વિચારો સીધા આકાશવાણી મારફત પ્રજાજનો સુધી પહોંચાડે છે. લોકો હોંશે હોંશે સાંભળે પણ છે. એકી સાથે આખા દેશની ગ્રામ પંચાયતોને સંબોધવાનો ક્રાંતિકારી વિચાર સૂઝવો તે પણ એક ઉપલબ્ધિ જ ગણાય. નરેન્દ્ર મોદીના ખાતામાં આવી સિદ્ધિઓ અને ઉપલબ્ધિઓનો અખૂટ ખજાનો છે, જેની વિપક્ષી નેતાઓ ફક્ત ઈર્ષ્યા જ કરી શકે એમ છે. દાખલા તરીકે તાજેતરમાં એમણે સંસદનું સત્ર મળે તે પહેલાં જ અનુસૂચિત જાતિ-જનજાતિ વિશેના કાયદામાં જે ઐતિહાસિક સુધારો કરી દીધો તે આટલાં વર્ષો સુધી આ સમુદાયોના હામી ગણાતા રાજકીય પક્ષો નહોતા કરી શક્યા, એ તો માનવું જ પડશે ને? દલિત આદિવાસી સમાજના ઉત્પીડન સામે ‘એટ્રોસિટી એક્ટ’ તો અસ્તિત્વમાં હતો, પણ ચાર્જશીટ માટેની મુદ્દત કયાં નક્કી થયેલી હતી? વળી આ સમુદાયોની સ્ત્રીઓના જાતીય શોષણ સામે જે મસમોટા વળતરની જાહેરાત કરી છે, તે પણ આજ લગી કોઈ સરકારે નહોતી કરી. હાલ ચાલી રહેલ રાજયોની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કે આગામી વર્ષે થનાર ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં દલિતોને રીઝવવા માટે આ પગલું લેવાયું હોય તો પણ તેમાં ખોટું શું છે? વિપક્ષો ફકત એટલું જ કહી શકશે કે આ બિલ સંસદમાં લાવવાને બદલે વટહુકમ કરી દેવાની જરુર નહોતી. સામે મોદી પાસે જવાબ તૈયાર જ હશે : તમે જીએસટી જેવા બિલ સામે રાજયસભામાં ટાંગ અડાવીને બેઠા છો એમ આ સુધારામાં પણ વાંધાવચકા ન જ પાડત એની શી ખાતરી? મોદી હવે દિલ્હીને દિલ્હીની બહાર લઈ જવાની ફિરાકમાં છે. ગુજરાતમાં એમણે ગાંધીનગરને ગાંધીનગર બહાર લઈ જવાના સફળ પ્રયોગો કર્યા હતા, જે અન્વયે રાષ્ટ્રીય ઉત્સવો જિલ્લા અને તાલુકા સ્તરે ઊજવાતા થયા છે. પંચાયતી રાજનું મૂળ સપનું તો રાજીવ ગાંધીનું પણ મોદી એને સિફતપૂર્વક પોતાની બ્રાન્ડ બનાવીને માર્કેટમાં મૂકી રહ્યા છે. ગ્રામ પંચાયતને સંસદની ગરિમા આપીને તેઓ ગ્રામચેતના જરુર સંકોરી શકે, પરંતુ પંચાયતોને રાજીવ ગાંધીએ આપેલા અધિકારો ભાજપ સરકાર બહાલ કરશે ખરી? જમશેદપુરમાં પંચાયત સંમેલન બોલાવીને એમણે નવો આદર્શ જરુર પ્રસ્તુત કર્યો છે અને ગ્રામોદયની વાત તો છેક મહાત્મા ગાંધીના સમયથી


## તંત્રીસ્થાનેથી...

થતી આવી છે. ખરેખરો ગ્રામોદય ઈચ્છતી હોય તો સરકારે અને શાસક પક્ષે એની શહેરતરફી નીતિમાં યુ-ટર્ન લેવો પડશે. ગ્રામોદયનું ડિમ ડિમ વગાડ્યું સહેલું છે પરંતુ ગામડાં ભાંગતાં અટકાવવાનું કામ ઘણું અઘરું છે. આજે તો કોઈ પણ માણસ મજબૂરીથી જ ગામડામાં રહેવા તૈયાર થાય છે. ખેડૂતો ખેતીને તિલાંજલી આપી શહેરોમાં આજીવિકા શોધી રહ્યા છે. ત્યારે ‘ગ્રામોદય’નો સંકલ્પ કેટલો પ્રાસંગિક ગણાશે? સરકાર જો ખરેખર ગ્રામોદય કરવા કૃતસંકલ્પ હોય તો એણે મહાત્મા ગાંધીના માર્ગે ચાલવું પડશે, ચરખાની સંસ્કૃતિ સર્જવી પડશે. ભાજપ તો શહેરી સંસ્કૃતિવાળો ભદ્રલોકનો પક્ષ ગણાતો રહ્યો છે. મોદી ફક્ત ગ્રામજનતાને રાજી કરવા પૂરતાં મીઠામધ ભાષણો કરશે તો તે પ્રજા સાથેની છેતરપિંડી જ ગણાશે. પ્રજાની દૃષ્ટિએ ગામડાની વાત તો હજી પણ કોંગ્રેસ જ કરતી રહી છે. ‘મોદી વાવાઝોડા’ ની અસર શમી રહી છે ત્યારે ફરી એક નવું વાવાઝોડું શરૂ કરવાની વેતરણમાં વડાપ્રધાને ગ્રામોદયનું શરણું લીધું હોય તો એ દિવાસ્વપ્ન જ બની રહેવાનું છે.

# નૂતન ગુજરાતના મૂઠી ઊંચેરા રાજપુરુષ : સનત મહેતા




૧૯૪૨નો એ માહોલ અસાધારણ હતો. ગાંધીજીના ‘ભારત છોડો’ ના ઐતિહાસિક એલાને પૂરા દેશમાં નૂતન ચેતનાનો સંચાર કર્યો હતો. બ્રિટન પણ બીજા વિશ્વયુધ્ધની ઝાળે પોતાના અનેક પ્રશ્નોમાં ગૂંચવાયેલું હતું. આથી ગોરી સરકાર માટે પણ ગાંધીજી પ્રેરીત ૧૯૪૨નું આંદોલન એક ગંભીર પડકાર સમાન હતું. સમયના આ માહોલમાં ભાવનગર શહેરની એક નોંધાયેલી ઘટના ફરી યાદ કરવી ગમે તેવી છે. યુવાન સનત મહેતા ૧૯૪૨ની આ ક્રાંતિમાં સક્રિય હતા. તેનું કારણ પણ શોધવા જવું પડે તેવું નથી. દેશભરના યુવાનોની આ મનોસ્થિતિ હતી. ભાવનગર રાજયમાં પણ સનત મહેતા જેવા અનેક યુવાનો ખૂલ્લી રીતે મુક્તિ સંગ્રામમાં જોડાયા હતા. ભાવનગર રાજ્ય વિચક્ષણ દીવાન સર પટ્ટણીના સમયથી બ્રિટીશ હકૂમત સામે રણશિંગુ ફૂંકનાર સમૂહ તથા રાજ્યના ગોરી સરકાર સાથેના સંબંધો વચ્ચે તાલમેલ જાળવવા જાગૃત પ્રયાસો કરનાર રાજ્ય હતું. આથી સર પટ્ટણીના વારસદાર દીવાન અનંતરાય પટ્ટણીનું ધ્યાન આ ચળવળમાં સક્રિય રહેનાર યુવાનો તરફ સ્વાભાવિક રીતેજ હતું. સનતભાઈના પિતા રાજ્યની નોકરીમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. રાજ્યનાજ એક કર્મચારીનો પુત્ર આવી ચળવળમાં કેવી રીતે જોડાઈ શકે? આથી સનતભાઈના પિતા મગનલાલને કહેણ મળ્યું : “દીવાન સાહેબને મળી જાઓ” મગનલાલ હાજર થયા. દીવાન સાહેબે થોડા શબ્દોમાંજ ઘણું કહી નાખ્યું. અનંતરાય પટ્ટણી કહે છે : “માસ્તર ! દીકરાને સંભાળો” જે સલાહ હતી તે આદેશાત્મક હતી તે વાત મગનલાલ બરાબર સમજતા હતા. શિક્ષકનો જીવ અને ગાંધી મહાત્મા પ્રત્યે શ્રદ્ધા અને આદર પણ ખરા. પરંતુ નોકરી ગુમાવવાનું પરવડે તેવું ન હતું. સામા છેડે પુત્ર પણ આ ચળવળથી દૂર રહે તેવી શક્યતા ન હતી તે વાત પિતા બરાબર સમજતા હતા. આથી યુવાન સનતભાઈએ પિતાની મૂંઝવણનો જાતેજ માર્ગ શોધી કાઢ્યો. ઘરની સલામતી તથા હૂંફ છોડીને ખૂલ્લા વિશ્વમાં જૂસ્સા પૂર્વક પ્રવેશ કર્યો. “ડગલું ભર્યું કે ના હઠવું” એ ગુણ કેળવાયો યુવાનીમાં, પરંતુ તેનું જોમ તથા જુસ્સો સનત મહેતાના સ્વભાવ અને વર્તનમાં આજીવન ટકી રહ્યા. “અમીર શહેરના ફકીર બાદશાહ” ગણાતા ઈન્દુચાચાના એક સંનિષ્ઠ વારસદાર તરીકે ઘણાં રાજકીય અભ્યાસુઓએ સનતભાઈને સકારણ મૂલવ્યા છે. ભાવનગર જિલ્લાના જેસર ગામે એક શિક્ષક પિતાને ત્યાં જન્મ લેનાર સનત



મહેતાનો જન્મ એપ્રિલ ૧૯૨૫માં થયો હતો. ૨૦૧૫ ના ઓગસ્ટમાં તેઓ આપણી વચ્ચેથી સદાકાળ માટે ગયા. એપ્રિલમાં તેમની જન્મજયંતિ આવે છે. ૨૦૧૬ના એપ્રિલની જન્મજયંતિએ સનત મહેતા નામના તેજસ્વી વિચારક અને ગતિશીલ જાહેર સેવક આપણી વચ્ચે નથી તેની ખિન્નતા અનુભવી શકનારા અનેક લોકો હશે. આપણી “બહુરત્ના વસુંધરા” હોવા છતાં કેટલોક ખાલીપો ઊભો થાય છે તે પૂરાશે કે કેમ તેની વિમાસણ અનેક લોકોના મનમાં રહ્યા કરે છે. લગભગ સાત દાયકાના ઉજળા અને સાતત્યપૂર્ણ જાહેર જીવનમાં સનતભાઈ વંચિતોના હિતોની રક્ષા માટે જીવ્યા છે અને ઝઝૂમ્યા છે. કવિ શ્રી વેણીભાઈ પુરોહિતના શબ્દો યાદ આવે.

*જીવવું છે, ઝૂરવું છે,*
*ઝૂઝવું છે જાને મન,*
*થોડી અદાઓ ફાંકડી*
*થોડી ફિતુરી રાખવી.*

ગુજરાતના વિકાસ માટેના અનેક પાયાના પ્રશ્નો તેમણે હાથમાં લીધાં. એકવાર કામ શરૂ કર્યા પછી તેમાં આરપાર ઉતરવાની તેમની ઝૂઝારુ વૃત્તિ કાયમી રહી હતી. ભાઈ શ્રી ડંકેશ ઓઝાને આપેલા એક ઈન્ટરવ્યુમાં ખુલીને કહે છે :

“મારી સગી માનું નામ નર્મદા. નર્મદા યોજના માટે હું જીવનભર ઝઝૂમ્યો તે બદલ મારી મા જીવી ત્યાં સુધી ગર્વ અનુભવતી હતી. મા અભણ અને પિતા એક આદર્શ અને

**અનુસંધાન પાના નં. ૭ પર**

# Be Practical Yaar !

પ્રેક્ટિકલ થવું જોઈએ, પ્રોફેશનલ થવું જોઈએ, વ્યવહારિક બનવું જોઈએ, અત્યારના સમયમાં સવારથી સાંજ પડતાં સુધીમાં છાશવારે ઉપરના વાક્યો આપણે સાંભળીએ છીએ અને સંભળાવીએ છીએ.

‘પ્રોફેશનલ’ શબ્દનું શુદ્ધ ગુજરાતી શું છે ખબર છે? ‘સ્વાર્થી.’ પ્રોફેશનલ થવું એટલે સ્વાર્થી થવું. ફક્ત પોતાનો જ વિચાર કરવો. આજના સમયમાં જે વ્યક્તિ પ્રેક્ટિકલ નથી, પ્રોફશનલ નથી, વ્યવહારિક નથી તે મૂર્ખમાં ખપે છે, એટલે તમારે તમારા હૃદયની વાત નહીં સાંભળવાની પણ મગજની ગણતરીઓ માંડવાની. સમાજમાં રહેવાનું છે, સોસાયટીમાં શ્વસવાનું છે, તેના બનાવેલા ધોરણો પ્રમાણે જ ચાલવાનું છે, તમે એમા ફીટ ન બેસો તો ફેકાઈ જવું પડે, મારી મચડીને પણ ફીટ થવું પડે. નહીંતર સમાજ ફાડી નાખે છે.

જીવનના દરેક ક્ષેત્રમાં વ્યવહારું વલણ અપનાવવું પડે છે, ડાહી અને શાણપણની વાત કરવાની, લોકોને ગમે તે બાબત પર અને એ કહે ત્યારે હસવાનું, સમય પ્રમાણે રોવાનું. સવારે બેસણું પતાવીને બપોરે લગ્નમાં જમવા જવાનું... આ છે વ્યવહારિકતા. પ્રામાણિકતાનો દંભ કરીને અપ્રામાણિકતા આચરવાની.

આપણો અંતરાત્મા કહે છે કે આ ખોટું છે, પણ વ્યવહારિકતા કહે છે કે આમ જ વર્તવું પડશે. દરેક સ્થળે, સમયે તમારે તમારી મૂળ અભિવ્યક્તિને દબાવીને પ્રેક્ટિકલ બનવાનું.

ગાંધીનગરથી સરખેજ હાઈવે પર સવારે ઑફિસ જવા નીકળીએ છીએ, રસ્તામાં બે સ્કૂટરની ટક્કર થઈ ગઈ. એક જણને થોડું વાગ્યુ છે, તમે તેની બાજુમાંથી પસાર થઈ રહ્યા છો. હૃદય તો ઘણું કહે છે કે રોકાઈને તેને કાંઈ મદદ કરીએ પણ બુદ્ધિ એમ કહે છે કે પહેલાં ઑફિસ જવું પડશે. પ્રેક્ટિકલી ત્યાં રોકાવું યોગ્ય નથી.

ચાર રસ્તા ઉપર ટ્રાફિકના નિયમોનો ભંગ કરીએ અને પકડાઈએ પછી ટ્રાફિક હવાલદાર સાથે પતાવટ કરીએ છીએ,

**જીવનના દરેક ક્ષેત્રમાં વ્યવહારું વલણ અપનાવવું પડે છે, ડાહી અને શાણપણની વાત કરવાની, લોકોને ગમે તે બાબત પર અને એ કહે ત્યારે હસવાનું, સમય પ્રમાણે રોવાનું, સવારે બેસણું પતાવીને બપોરે લગ્નમાં જમવા જવાનું... આ છે વ્યવહારિકતા, પ્રામાણિકતાનો દંભ કરીને અપ્રામાણિકતા આચરવાની**

કારણ કે વ્યવહારિકતા તેમા જ છે. પ્રામાણિકતાનો ઝંડો પકડીને બોચિયામાં ખપાવું પાલવે તેમ નથી.

રીલેશન મેઈન્ટેઈન કરવા પડે છે. કામના સંબંધ, વગર આત્મીયતાએ પણ ચિંગમની જેમ ખેંચે રાખવા પડે છે. જે સાથી કર્મચારી અથવા બૉસ દીઠો ન ગમતો હોય અથવા તમને જેની સાથે જરા પણ ન બનતું હોય તેના જન્મદિવસે સવારના પહોરમાં તેને વિશ કરવા દોડી જશું, સાથે પાછી કોઈ ગિફ્ટ લઈને જઈશું. કારણ કે આમ કરવું જરુરી છે, તમારે તેની સાથે આખો દિવસ કામ કરવાનું છે, ભવિષ્યમાં તમારા પ્રમોશન માટે આ વ્યક્તિને તમે નિસરણી બનાવી રહ્યા છો. પણ ખરેખર જોવા જઈએ તો સંબંધ જાળવવા પડે તેના કરતા તેને કેળવતા શીખીએ તો આવો દંભ તો ન કરવો પડે!

હવે લગ્ન માટે હૃદય-મેળાપ જરુરી નથી, ગ્રીનકાર્ડ ધરાવતો યુવક કે યુવતી આવે તો ચટ મંગની પટ બ્યાહ થઈ જાય છે, લગ્ન કરવા માટે આ સૌથી મોટું કારણ છે, પ્રેક્ટિકલી જોવા જઈએ તો છોકરીને સારું ઘર, અમેરિકા જેવો દેશ, પૈસા, સમાજમાં પ્રતિષ્ઠા બધું જ મળશે, પણ આત્મીયતા, પ્રેમ મળશે? પણ જવા દો ને થોડા પ્રેક્ટિકલ તો થવું જ પડે ને! અને આ બધું તો એડજસ્ટ્ થઈ જાય. લગ્ન પછી બધું સમુસૂતરું જ થઈ જાય છે.

જીવનમાં સંવેદનશીલ બનવામાં માલ નથી. લાગણીશીલ વ્યક્તિને વ્યવહારું સમાજમાં ધક્કે જ ચડવું પડે છે. કારણ કે બહુધા જનસમુદાયે વ્યવહારિકતાનો સાંગોપાંગ આત્મસાત્ કરી લીધી છે, એવામાં અપવાદરુપ કિસ્સો જો વધારે પડતા લાગણીશીલ વ્યક્તિનો આવે તો એ બિચારો ઠોકરો જ ખાધા કરે છે.





પરંતુ વ્યવહારિક હોવાની સાથે-સાથે હૃદયના ખૂણામાં એક તૃતીયાંશ જેટલા ભાગમાં સંવેદના, લાગણી, ભાવના આ બધા આઉટડેટેડ શબ્દોને પણ જગ્યા આપજો જેથી કરીને આપણે સંપૂર્ણ યંત્ર-માનવ ન બની જઈએ. જીવતાના અમુક સંબંધ, અમુક કામ, અમુક નિર્ણય તો Atleast ભાવના, લાગણી અને સંવેદનાના આધારે મૂલવજો !

બાકી તો... હમણાં એક હિન્દી કવિતા વાંચી હતી. કવિનું નામ ખબર નથી. પણ કવિતા સરસ છે... પ્રેક્ટિકલી પણ સરસ છે.

*વ્યાવહારિકતા કા તકાઝા હૈ*
*યહ કવિતા નહીં લીખી જાની ચાહીએ...*
*બાજવક્ત વ્યવહારિકતા મુઝે,*
*આહિસ્તા આહિસ્તા મરને કા*
*સ્વેચ્છાપૂર્વક ઓઢા ગયા ફરમાન જાન પડતી હૈ*
*જિસ ષડ્યંત્ર મેં ખુદ કે ખિલાફ મૈં ખુદ શામિલ હૂં*
*વ્યવહારિકતા કા તકાઝા હૈ*
*યહ મત બોલો, યહ મત કરો...*
*ઐસા કરો, વૈસા કરો...*
*સમજતે - જાતને બૂઝતે હુએ કી*
*ઈન સબ કા કોઈ આધાર નહીં ગલત હૈ યે ફિરભી*
*વ્યવહારિકતા કે નામ પર*
*અંદર કી પવિત્ર, નિષ્પાપ, ઈમાનદાર*
*અભિવ્યક્તિ કી હત્યા કર ડાલતા હૂં,*
*અબ રુકતા હૂં...*

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# લોકજીવનમાં - લોકસેવા ક્ષેત્રે કાર્ય કરનારા સહુ કોઈ માટે પૂજ્ય રવિશંકર મહારાજનું જીવન એક આદર્શ આચાર સંહિતા છે



‘જા જા, જુઠ મત બોલ, ઈતની ગર્મી મેં હમ એક મિનિટ બિના ચંપલ નહિ ચલ સકતે તો એક આદમી હજારો કિલોમીટર કૈસે ચલ સકતા હે?’

મહેકે એની ફ્રેન્ડ સ્તુતિને કહ્યું. સ્તુતિએ ડેસ્કટોપ પર આવી, ઈન્ટરનેટ દ્વારા અધિકૃત વિગતો અને તસ્વીરો આપી ત્યારે મહેકનો પ્રતિભાવ હતો કે ‘પ્રણામ હે ઐસે વ્યક્તિત્વ કો!’

વાત દરઅસલ એમ હતી કે પહેલી મે ગુજરાત રાજય સ્થાપના દિન નિમિત્તે સ્કૂલમાં વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. કિશોરવયના વિદ્યાર્થીઓ વિવિધ વિષયો પર તૈયારી કરી રહ્યા હતા. બિન ગુજરાતી પરિવારની મહેકને ગુજરાત વિશે વાત કરવી હતી પરંતુ સ્વાભાવિકપણે એની પાસે એટલી જાણકારી ન હતી એટલે એની ફ્રેન્ડ સ્તુતિની એણે મદદ લીધી. ભાષા-સાહિત્ય અને કોમ્યુનિકેશનમાં રસ લેતી સ્તુતિને મજા પડી ગઈ અને તેણીએ વિષય આપ્યો - સ્મરણ રવિશંકર મહારાજનું...

એના પપ્પાની અંગત લાઈબ્રેરી અને ઈન્ટરનેટ પર પ્રાપ્ત વિગતો આમ હાથવગી થઈ... અને યાદ આવ્યા રવિશંકર મહારાજ...




ભારતના ગામડાની નાડ પારખનાર રવિશંકર મહારાજ. ઝવેરચંદ મેઘાણી જેમને મુક સેવક કહે, બબલભાઈ મહેતા જેમને વાત્સલ્યમૂર્તિ કહે, કાકાસાહેબ કાલેલકર જેમને સંભાષા ચતુર કહે એ રવિશંકર મહારાજ આજે પણ લોકસેવા અને લોકસેવક તરીકેનો આદર્શ બની રહ્યા છે.

‘મગર ઈસમેં ગુજરાત કહાં આયા?’ મહેકે કહ્યું... જવાબ મળ્યો ‘અરે ગુજરાત રાજયની સ્થાપના જ એમના હસ્તે ૧૯૬૦ના મે મહિનાની પહેલી તારીખે થઈ છે. ગુજરતના બીજા ગાંધી તરીકે ઓળખાય છે રવિશંકર મહારાજ.’

ખેડા જિલ્લાના માતર તાલુકાના મોસાળના ગામ રઢુમાં પિતા શિવરામ વ્યાસ અને માતા નાથીબાના દાંપત્યજીવનમાં જન્મ થયો. ફેબ્રુઆરી ૨૫ ૧૮૮૪ના દિવસે... મહાશિવરાત્રીનું પર્વ હતું. આ દિવસે.

પિતા પાસેથી કડક શિસ્ત તથા શિક્ષણ અને માતા પાસેથી વાત્સલ્ય અને પ્રેમ મળ્યા કિશોર રવિશંકરને.

બાળપણમાં મોઈદાંડીયો -
ગેડીદડો જેવી રમત રમનારા
રવિશંકર સાહસિક અને નિર્ભય હતા.

‘મેરી તરહ, મેં ભી કિતની હિંમતવાન હું.’ મહેકે સહજભાવે કહ્યું. એટલે સ્તુતિએ પુછ્યું ‘અગર સોસાયટીમાં ચોર ઘુસે તો તુ કયાં કરેગી?’

અને પછી પ્રસંગ સંભળાવ્યો. એ જમાનામાં કપડવંજ તાલુકામાં બહારવટીયાનો રંજાડ હતો. ગામની ચોકી ગામના ચોકીદારને જ રાખવી હતી જેની પૈસા મળે. ગામ લોકોએ ના પાડી તો પગી-ચોકીદારે ગામમાં બહારવટીયા આવ્યાની અફવા ફેલાવી. રવિશંકરે કિશોરવયે રાત્રે એકલા નીકળીને તપાસ કરી. ત્રણ જણા તીર કામઠા સાથે દેખાયા, એમાંનો એક પગી જ હતો... યુવાન રવિશંકરની હિંમત જોઈ ત્રણે ભાગી ગયા.

લગ્ન થયા સુરજબા સાથે. ૧૯૨૧માં પોતાની મિલકત પરના હક્ક છોડીને સમગ્ર જીવન દેશને સમર્પિત કર્યુ. બોરસદ સત્યાગ્રહ-બારડોલી સત્યાગ્રહ-દાંડીકૂચમા ભાગ લીધો અને દેશ આઝાદ થયા બાદ સમાજ સુધારણના કાર્યો કર્યા. ૧૯૫૫ થી ૧૯૫૮ વચ્ચે ભુદાન યજ્ઞ માટે ૬૦૦૦ કિલોમીટર ચાલ્યા... અહીં જ લેખના આરંભનો સંવાદ થયો હતો કારણ કે જીવન ચરિત્રના અભ્યાસ દરમિયાન એવી વાત આવી કે ૧૯૨૦માં એકવાર પગરખા ગુમ થયા પછી તેઓએ પગરખાનો ત્યાગ કર્યો હતો.

‘બેટા શું કરો છો ઈન્ટરનેટ પર?’ સ્તુતિના ડેડીનો અવાજ આવ્યો ને તેઓ રૂમમાં પ્રવેશ્યા. તેમને આખી વાત જણાવી તો રાજી થયાં ને કહ્યું, ‘જેના પરથી બનેલી ‘માણસાઈના દીવા’ ફિલ્મ મેં જોઈ છે તેની પુસ્તિકા અને ડીવીડી તમને લાવી આપીશ. આપણે સાથે વાંચીશું અને ફિલ્મ જોઈશું.’

મહેકને તેની વકતૃત્વ સ્પર્ધા માટે શુભકામના પાઠવીને સ્તુતિ પપ્પા બહાર નીકળ્યા ને ફરી બંને બહેનપણીઓ એક કર્મનિષ્ઠ સેવક પૂજ્ય રવિશંકર મહારાજના જીવન ચરિત્રની વાતનો અને પ્રેરક પ્રસંગોનો વાંચવામાં મશગૂલ થઈ ગઈ. મહાગુજરાતની ચળવળ ચલાવનાર ઈન્દુચાચા તથા તમામને શત્ શત્ વંદન કર્યા સહુએ.

હમણાં જ ઉજવાયેલા વિશ્વ પુસ્તક દિવસ પછીના દિવસોમાં આવી રહેલા ગુજરાત રાજય સ્થાપના દિવસના અવસરે થયેલો આ સંવાદ અને ઘટના બહુ હકારાત્મક અને પ્રેરણાત્મક છે.

અનુભવ - અવલોકન અને અભ્યાસ એવો છે કે આજના કિશોરો અને યુવાનો પુસ્તક વાંચનથી દૂર થઈ રહ્યા છે. ફેસબુક પર સતત ઓનલાઈન રહેનારા યુવાનો બુકને ફેસ કરતા નથી એમ પણ કહેવાય છે. આવા સમયે ઈન્ટરનેટના માધ્યમ વડે ઈ-બુક વાંચનારા બાળકો કોઠે ટાઢક આપે છે.

ગુજરાત રાજયની સ્થાપનાકાળનો પુજ્ય રવિશંકર મહારાજનો સંદેશ યાદ કરીને પ્રત્યેક વ્યક્તિ એ દિશામાં થોડુંક પણ આચરણ કરે તો આજે જયાં છીએ ત્યાંથી એક ડગલું જરૂર આગળ જઈ શકાય. સામૂહિક પ્રયાસ જરુરી છે અને તે પણ નૂતન ઉર્જા સાથે.

જ્ઞાન-ભક્તિ અને કર્મનો ત્રિવેણી સંગમ હતો રવિશંકર મહારાજમાં. ભગવદ્ ગીતાને - એના સંદેશને આચરણમાં મુકીને ચરિતાર્થ કરી હતી એમણે.

લોકજીવનમાં - લોકસેવા ક્ષેત્રે કાર્ય કરનારા સહુ કોઈ માટે પૂજ્ય રવિશંકર મહારાજનું જીવન એક આદર્શ આચાર સંહિતા છે.

એમના જીવનમાંથી મળતી પ્રેરણા - યુવાનો માટે માર્ગદર્શક બની રહે છે. કિશોરો અને યુવાનોના સંસ્કાર ઘડતરમાં એમના જીવન પ્રસંગો પ્રેરક બની રહ્યા છે.

આવા ઉમદા વ્યક્તિત્વનું સ્મરણ કરીએ ત્યારે આસપાસ આપોઆપ અજવાળા પથરાય છે.

*તેજપુંજ :*

*જય જય ગરવી ગુજરાત...*
*દીપે અરુણું પ્રભાત...*